# અંતરમેળ

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

મે - ઓગસ્ટ ૨૦૧૮ વર્ષ ૧૦ અંક ૨ પૃષ્ઠ ૮ રૂા. ૨/-




## કે પછી કોઈ અલગ પ્રકારની સર્જનાત્મકતા છે?

સામાન્યતઃ જેને સર્જનાત્મકતા કહેવાય છે તે વસ્તુઓ માનવની બનાવેલી છેઃ ચિત્ર, સંગીત, સાહિત્ય - વાસ્તવિક અને રોમાંચક, દરેક સ્થાપત્ય, અસાધારણ તંત્રજ્ઞાન, અને એ દરેક કે જે આમાં સંલગ્ન છે, ચિત્રકારો, લેખકો, કવિઓ, તત્ત્વજ્ઞાનીઓ, તે દરેક પોતાને સર્જનાત્મક ગણે છે. અને વળી આપણે બધાં પણ જાણે તેમાં સહેમત થઈએ છીએ. એ જ તો સર્જનાત્મક વ્યક્તિ માટેની પ્રચલિત માન્યતા છે. આપણે એમાં સહેમત છીએ? મને લાગે છે કે આપણને બધાંને એ દેખાય છે કે માનવે બનાવેલી આ દરેક વસ્તુ, પ્રખ્યાત દેવળ, મંદિરો અને મસ્જિદો ઘણી જ મનોહર છે, કેટલીક તો અતિશય મનોહર છે. મને એ ખબર નથી કે તમે જોઈ છે, જો તમે જોઈ હોય તો તેઓ ખરેખર ઉત્તમ છે. અને જે વ્યક્તિઓએ એ બનાવી તેઓ નનામા છે, આપણને એ ખબર નથી કે કોણે બનાવી છે. તેઓ તો ફક્ત ચણવામાં, બાઈબલ લખવામાં વગેરેમાં મશ્ગુલ હતાં. કોઈને ખબર નથી કે કોણે લખ્યું છે. પણ આજે, નનામાપણું તો સાવ જ ચાલ્યું ગયું છે. અને ખરેખર તો આ નનામાપણા સાથે એક અલગ જ પ્રકારની સર્જનાત્મકતા સંકળાયેલી છે. સફળતા, પૈસા, દસ વરસમાં બે કરોડ એંસી લાખ પુસ્તકો વેંચાયા, વગેરે વગેરે પર આધારિત નથી. વક્તાએ પોતે પણ એક વખત નનામીપણું સ્વીકાર્યું હતું કારણકે વક્તાને આ બધી ભરમાર અને અર્થહીનતા ગમતી નથી. તેણે એક પડદા પાછળથી વાત કરવાનો પ્રયત્ન કર્યો હતો (હાસ્ય) અને જોકે એ કાંઈક વધારે જ હાસ્યાસ્પદ બની ગયું હતું (હાસ્ય).

એટલે, નનામીપણાનું ઘણું મહત્ત્વ છે. એનામાં સાવ અલગ જ ખાસિયત હોય છે, વિશિષ્ટ - અંગત પ્રયોજન અંગત દૃષ્ટિકોણ, અંગત અભિપ્રાય નથી હોતો, સ્વતંત્રતાની લાગણીથી થયેલ એક કાર્ય હોય છે. પણ મોટાભાગની સર્જનાત્મકતા, આપણે જે કહેતાં હોઈએ છીએ, તે માનવીય હોય છે. એટલે કે આ સર્જન 'જ્ઞાત'માંથી થાય છે. બરાબર? 'જ્ઞાત'. મહાન સંગીતકારો, બિથોવન, બાખ વગેરે જેવા મહાન સંગીતકારો 'જ્ઞાત' પરથી જ પ્રવૃત્ત થયા છે. લેખકો, ફિલસૂફો વગેરેઓએ પહેલાં વાંચ્યું છે, સંચિત કર્યું છે, અને પછી પોતાની શૈલી વિકસાવી છે, હમેંશ જે સંચિત થયેલ છે, જે 'જ્ઞાત' છે, એના આધાર પર જ ગતિ કરી છે, કાર્ય કર્યું છે કે લખ્યું છે. અને આને જ, સામાન્યતઃ આપણે સર્જનાત્મકતા કહીએ છીએ.

હવે, શું આ ખરેખર જ સર્જનાત્મકતા છે? - મહેરબાની કરીને, આપણે એ વિશે વાત કરીએ - કે પછી કોઈ અલગ પ્રકારની સર્જનાત્મકતા છે કે જે 'જ્ઞાત'થી સ્વતંત્ર થવામાંથી જન્મે છે? તમે સમજ્યાને મારો સવાલ? કારણકે જ્યારે આપણે ચિત્ર બનાવીએ છીએ, લખીએ છીએ, પથ્થરમાંથી એક અદ્ભુત સ્થાપત્ય બનાવીએ છીએ, ખરેખર તો તે સંચિત થયેલ જ્ઞાનમાંથી જ હોય છે, એ વૈજ્ઞાનિક ક્ષેત્રમાં હોય કે કળાના જગતમાં, માનવીય કળા, પછી ભલે તે કાલ્પનિક હોય કે રોમાંચક હોય કે વાસ્તવિક કે અતિ લાગણીશીલ હોય કે અન્ય કાંઈ હોય, હમેંશ ભૂતકાળમાંથી વર્તમાનમાં વહન કરવાની સૂઝ તો તેમાં હોય જ છે. આપણે જેને સર્જનાત્મકતા કહીએ છીએ તેનાથી સાવ જ અલગ આ સર્જનાત્મકતા છે? તમને સમજાય છે?

આપણે પૂછી રહ્યા છીએ, અને મને લાગે છે કે આ એક મહત્ત્વનો સવાલ છે, જો તમે સંમત હો તો આમાં ઊંડે ઊતરવું જોઈએ, કે શું એવી કોઈ પ્રવૃત્તિ છે, એવી કોઈ ગતિવિધિ છે, એવું કોઈ જીવન છે કે જે 'જ્ઞાત'માંથી નથી આવતું? એટલે કે ચિત્તમાંથી થયેલ એવું કોઈ સર્જન છે કે જે જીવનમાં આવતાં દરેક તોફાનો, સામાજિક અને આર્થિક દબાણો વગેરેના બોજા હેઠળ નથી, ચિત્તમાંથી એવું કોઈ સર્જન થયું છે કે જેણે 'જ્ઞાતમાંથી પોતાને મુક્ત કરી નાંખ્યું હોય? અને તો પછી યાદશક્તિનો ઉપયોગ કરી શકાય? - તમે સમજો છો ને હું શું કહેવા માંગું છું? પણ આપણે તો જ્ઞાનથી જ શરૂઆત કરીએ અને તેને જ સર્જનાત્મક કહીએ. પણ અમે એવું સૂચવીએ છીએ કે સર્જન તો તેવું હોય કે જે જ્ઞાનમાંથી ન ઉપજ્યું હોય. જ્યારે એક પ્રેરણા કે ગતિ આવે ત્યારે 'જ્ઞાત'નો ઉપયોગ થઈ શકે, પણ આનાથી ઉલ્ટું ન થઈ શકે. મને ખબર નથી પડી રહી કે તમે સમજી રહ્યા છો કે નહીં.

જો તમને થોડો સમય આપવામાં વાંધો ન હોય તો ચિત્ત ક્યારેય જ્ઞાતથી મુક્ત બની શકે છે કે એ શોધવાનો પ્રયત્ન કરો, જ્ઞાત એટલે અનુભવોનો સંચિત જથ્થો, સ્મરણ, મેળવેલું જ્ઞાન, માન્યતાઓ અને ચિત્ત પર પડેલી અસર વગેરે, શોધો કે ચિત્ત શું આ બધાંથી મુક્ત બની શકે છે? અને ચિત્તના એ પડાવ પર, આપણે જે સર્જનાત્મકતાની વાત કરી રહ્યા છીએ તેની જરૂરિયાત કદાચ નહીં હોય. સમજાય છે? એક વ્યક્તિ કે જેનામાં લખવાની પ્રતિભા હોય છે તેણે પોતાને વ્યક્ત કરવો જ જોઈએ. એ જે રીતે પોતે લખે છે તે પ્રમાણે પોતાની શૈલી વિકસાવે જ છે, તેને કીટ્સ, શેલી, એલિયટ વગેરેની જેમ લખવાની, ફળીભૂત થવાની, નિર્માણ કરવાની પ્રેરણા થાય છે. કદાચ માઈકલ એન્જેલો, રાફેલ અને એવા દરેક વ્યક્તિની જેમ જ, તેમનું પોતાનું જીવન એટલું સોહામણું નથી હોતું. વ્યક્તિગત નામ લેવા માટે મને માફ કરશો. હું કોઈ વિદ્વાન નથી પણ જ્યારે હું જુવાન હતો ત્યારે મેં ઘણાં સંગ્રહાલયોની મુલાકાત લીધી હતી, એ બધામાં ધકેલાયો હતો (હાસ્ય), અને એ બધાંનું શેષ બાકી રહેલું છે. મેં ઘણાં મહાન કલાકારો, લેખકો, મિત્રો સાથે વાતચીત પણ કરી છે.

મને લાગે છે કે આપણું બધું સર્જન, વૈજ્ઞાનિક જગતનું, કે માનવ કલાનું, કે અન્ય, હમેંશ એક બિંદુમાંથી, એક પ્રતિભામાંથી,

## સંપાદકીય

**મ**નની સર્જનાવસ્થા અને સર્જનક્ષમતા આ બે સાવ અલગ બાબતો છે. ઘણી વખત તેમની અભિવ્યક્તિ સમાન હોય છે. અને જ્યારે આ બન્ને બાબતો એકઠી થાય છે ત્યારે અનુપમ સૌન્દર્યની અભિવ્યક્તિ થાય છે.

પ્રત્યેક માનવીમાં સર્જનશીલતા અસ્ફુટપણે તો હોય જ. વિચાર, અહં વગેરેથી મુક્ત હોય એવી વ્યક્તિ સર્જનના આંગણે હોય છે, શાંત અને અથાગ ઉર્જાથી પરિપુર્ણ એવું મૌન ત્યાં હોય છે.

ક્ષમતા એ કુદરતી દેન છે, જેની અભિવ્યક્તિ કળાના માધ્યમથી થાય છે. પણ તેના પર વિચારોનો પણ પ્રભાવ પડી શકે છે. અને જ્યારે આવું બને છે ત્યારે તેને બાજારુ બનાવાઈ દેવાય છે. પછી તે પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા, પૈસા મેળવવાનું સાધન થઈ જાય છે. પણ સર્જનશીલતાને આવી કોઈ બાબત સ્પર્શતી પણ નથી હોતી. કુદરતી ક્ષમતાને આપણે અભ્યાસ કરી કરીને વધારી શકીએ છીએ. પણ જ્યારે આવું બને છે ત્યારે મોટા ભાગે આ ક્ષમતાને વાપરીને ફાયદો લેવા માટેનું આપણું વલણ થઈ જાય છે. પછી તેનાથી પ્રજ્ઞા દૂર ભાગે છે. વળી 'ક્ષમતા' જેમને પ્રાપ્ત થઈ હોય છે, તે તેમની 'માલિકીની વસ્તુ' થઈ જાય છે. સર્જનશીલતા એ સ્વયંપૂર્ણ હોય છે, એ સાધન નથી હોતી. તે એવી ઉર્જા હોય છે કે જ્યાં પ્રેમ અને પ્રજ્ઞાનો પ્રારંભ થાય છે. ત્યાં અભિવ્યક્તિની આસ નથી હોતી.

કૃષ્ણમૂર્તિ કહે છે કે એ કોઈપણ પ્રવૃત્તિ વગરની પૂર્ણ ઉર્જા હોય છે અને તે મૂક હોય છે. આ બધી વાતોને સમજી શકાય તે માટે આપણે જો મૌન બનીને અંતરંગની તપાસ કરીશું તો કદાચ મંદ, શાંત તરલ એવી અનુભૂતિની પ્રતીતિ થઈ શકે.

---

એક કુદરતી દેણગીમાંથી નીકળે છે અને પછી એને પરાકાષ્ઠા સુધી ખીલવવામાં આવે છે. જેમ કે એક પ્રતિભાસંપન્ન સંગીતકાર પાસે પ્રતિભા હોય છે અને તે અતિ મહત્ત્વનો બને છે. અને આપણે સામાન્ય લોકો એને વખાણીએ છીએ, અને આપણી પાસે પણ આમાંનું થોડું હોય તેવું ઇચ્છીએ છીએ. આપણી પાસે એ નથી એટલે તેની પાછળ આપણે દોડીએ છીએ, આપણે જાણે કે તેમને પૂજીએ છીએ અને એમ રમત ચાલતી રહે છે તે તમને ખબર જ છે.

અને જેવી રીતે આ પ્રશ્નકર્તા પૂછી રહ્યો છે તે રીતે સર્જનાત્મકતા શું છે એ પૂછવાની શરૂઆત કરો, તો એ સર્જનાત્મકતા સાવ જ અલગ વસ્તુ છે, જે મને લાગે છે કે આપણાં બધાંમાં જ હોઈ શકે. તજજ્ઞ જ નહીં, પ્રતિભાવંત જ નહીં, જેમની પાસે દેન છે તે જ નહીં, મને લાગે છે કે, માનવે પોતે નિર્માણ કરેલા, પોતાના ઉપર લાદેલા બોજાથી મુક્ત થઈ શકે એવું અસાધારણ ચિત્ત તો આપણાં બધાંની પાસે હોઈ શકે. અને તો પછી એવા સમતોલ, તાર્કિક, તંદુરસ્ત જીવનમાંથી સાવ જ નોખું ઉદ્ભવે છે. પછી ચિત્ર કે શિલ્પ દ્વારા તેને વ્યક્ત કરવાની કોઈ જરૂર હોતી નથી, અને શા માટે હોવી જોઈએ? તમને સમજાય છે? જો તમે આમાં પૂરતાં ઊંડા ઉતર્યાં હશો, જે મને લાગે છે કે તમે કરશો, તો તમે શોધી કાઢશો કે ચિત્તની એ એક એવી અવસ્થા હોય છે કે જ્યાં કોઈ પણ અનુભવ નથી હોતો. કારણકે, કોઈપણ અનુભવ, એ પ્રશ્ન કરતાં, શોધતાં, જૂથ બનાવતાં, એટલે કે અંધારામાં ભટકતાં અને એમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરતાં મનને જ સૂચિત કરે છે. પણ એવું ચિત્ત કે જે તદ્દન સ્પષ્ટ છે, જેને કોઈ ગૂંચવાડો નથી, તેને કોઈ (માનસિક) સંઘર્ષ નથી રહેતો, કોઈ મુશ્કેલી નથી રહેતી. તમે સમજો છો? તમે પ્રયત્ન કરી જૂઓ. આવા ચિત્તને વ્યક્ત થવાની, વાત કરવાની કોઈ જરૂરિયાત રહેતી નથી – જો કે, હું બોલી રહ્યો છું, માફ કરજો (હાસ્ય). વક્તા બોલી રહ્યો છે, એનું એ કારણ નથી કે તેણે તમને કાંઈ ઠસાવવું હોય કે અમુક ખાસ વલણો માન્યતાઓ અને નિર્ણયો ગળે ઉતારવા હોય, સાવ બેવકૂફી ભરેલી આ વાત છે. જીવનની પ્રચંડ જટિલતાઓ અને તેના સંપૂર્ણપણે ઉત્તર ન મળ્યાં હોય એવા ચિંતિત બે વ્યક્તિઓ વચ્ચેની આ તો એક મિત્રતાભરી વાતચીત છે. અને, આનો સંપૂર્ણ અને પૂરો જવાબ શક્ય છે, જો આપણે મનથી, દિલથી આને સમજીએ.

એટલે, એવી સર્જનાત્મકતા છે જે માનવે બનાવેલી નથી. મહેરબાની કરીને એમ ન કહેતાં કે આ ભગવાનની બનાવેલી છે, એનો પણ કોઈ અર્થ નથી, કારણકે, જો આપણું પોતાનું ચિત્ત સંઘર્ષના કોઈ પડછાયા વગરનું સાવેસાચ સ્પષ્ટ હોય, તો એ ચિત્ત ખરેખર સર્જનની અવસ્થામાં હોય છે, જેને વ્યક્ત થવાની, પરિપૂર્ણતાની, પ્રસિદ્ધિની કે એવા અન્ય કશાની કોઈ જરૂર રહેતી નથી.

ઓહાયમાં ભરાયેલ ઉજી જાહેર પ્રશ્નોત્તર સભા, મે ૧૯૮૦

### ખાલીપણાની પેલે પાર જે છે તે

જો તમે ખૂબ આતુરતાપૂર્વક આમાં જશો, તો તમે જોશો કે ત્યાં કશા ઉપર કોઈ પણ આધાર નથી – કોઈ માણસ કે માન્યતા કે અનુભૂતિ કે પરંપરા ઉપર નહીં. ત્યાર પછી, ખાલીપણાની પેલે પાર જે છે તે છે સર્જકશક્તિ – તથ્યની સર્જનાત્મકતા, કોઈ પ્રતિભા અથવા ક્ષમતાની સર્જનાત્મકતા નહીં, પરંતુ તેવી સર્જનાત્મકતા જે ભયથી પરે છે, બધી માગણીની પેલે પાર છે, મનની સઘળી છલનાઓની પેલે પાર છે.

એમ્સ્ટર્ડમમાં ચોથું પ્રવચન, ૧૯૫૫

### તે ઘર્ષણનું પરિણામ છે

બધું કર્મ એ ઘર્ષણ ઉપર આધારિત છે કે મારે કરવું જોઈએ અને નહીં કરવું જોઈએ. અને આ પ્રકારના વિરોધ અને સંઘર્ષમાંથી ઉર્જા તો પેદા થાય છે, પરંતુ જો તમે બારીકાઈથી જુઓ, તો તે ઉર્જા વિધ્વંસક છે, સર્જનાત્મક નથી. સર્જન શબ્દનો મારો અર્થ તદ્દન ભિન્ન છે, જે હું તેમાં ઊંડો ઊતરીશ ત્યારે તમે સમજશો. મોટાભાગના લોકો વિરોધાભાસમાં હોય છે. અને જો તેઓની પાસે કોઈ કુદરતી દેન કે પ્રતિભા હોય, લખવાની કે ચિત્રમાં રંગ પૂરવાની કે બીજી કોઈ પણ, તો તે વિરોધાભાસનો તણાવ તેઓને અભિવ્યક્તિની, લખવાની, સર્જન માટેની, હોવા માટેની ઉર્જા આપે છે. જેટલો અધિક તણાવ, જેટલું મોટું ઘર્ષણ, તેટલું મોટું ઉત્પાદન, અને તેને આપણે સર્જન કહીએ છીએ. પણ તે સર્જન બિલકુલ જ નથી. તે ઘર્ષણનું પરિણામ છે. તમે ઘર્ષણમાં છો, તમે વિરોધાભાસમાં છો, તે હકીકતનો સામનો કરવાથી એવા લક્ષણવાળી ઉર્જા આવશે જે વિરોધનું પરિણામ નથી.

દિલ્હીમાં આઠમું પ્રવચન, ૧૯૬૨

# મુંબઈ વિદ્યાપીઠમાં યોજાયેલ ચર્ચાસત્ર

**મું**બઈ વિદ્યાપીઠના તત્વજ્ઞાન વિભાગમાં કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન, મુંબઈ તરફથી ૧૯ એપ્રિલ ૨૦૧૮ના એક ચર્ચાસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કબીર જયતીર્થે 'અહં એટલે શું, કેવી રીતે તેનું ઘડતર થતું જાય છે' આ વિષય પર ત્યાંના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો સાથે વાતચીત કરી. કબીર, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયાના ટ્રસ્ટી છે, અને બેંગ્લોરમાં કૃષ્ણમૂર્તિની જીવન દૃષ્ટિ પ્રમાણે શિક્ષણની ગોઠવણ કરનારી ત્રણ શાળાઓની સ્થાપના કરનારાઓમાં તેમની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. કૃષ્ણમૂર્તિના વિચારો સમજવા અને લોકો સુધી પહોંચાડવા માટે તેમના અખંડ પ્રયત્નો હોય છે.

તત્વજ્ઞાન વિભાગના પ્રમુખ શ્રીમતિ ગીતા રમણાએ તેમના સ્વાગત પ્રવચનમાં કહ્યું કે તેમના વિદ્યાર્થીઓને કૃષ્ણમૂર્તિના વિચારોનું નિરૂપણ કરવું બહુ પડકારજનક લાગે છે. આ ચર્ચાસત્રમાંથી આ કોયડાનો ઉકેલ તેમને મળી રહેશે એવી આશા તેમણે વ્યક્ત કરી.

શરૂઆતમાં કબીરે કહ્યું કે જે તે વિષયની વ્યાખ્યા કરીને તેનું ઠોસ નિષ્કર્ષ લાવવું એનાં કરતાં ક્યારેક ક્યારેક મુખ્ય વિષય પર થોડોક પ્રકાશ પાડી અને તે પછી ભેગા થઈને તેની ઉપર સંવાદ કરવો, એકઠાં થઈને ઊંડા ઊતરીને તપાસવું એ વધારે ઉચિત ઠરે છે. કૃષ્ણમૂર્તિ સમાજમાં પ્રવર્તિત ભયંકર અવ્યવસ્થા પ્રત્યે આપણું ધ્યાન દોરે છે. આ અવ્યવસ્થામાંની હિંસા, જીવલેણ સ્પર્ધા, અન્યાય વગેરે માટે માનવની સમજ જ કારણભૂત છે. આ અવ્યવસ્થા આપણી બહાર, એટલે કે કોઈ ઔદ્યોગિક કે વ્યવસ્થાની કોઈ યંત્રણામાંથી ઉદ્ભવેલી સમસ્યા નથી, તે તો આપણી સમજ, આપણી ચેતનાની જ એક ઊંડી સમસ્યા છે, અને જ્યાં સુધી એ સ્તર પર જઈને એ સમસ્યાનું મૂળ શોધતા નથી, ત્યાં સુધી જાણે કે આપણે બિમારીના લક્ષણોનો જ ઉપચાર કરીએ છીએ, બિમારીનું મૂળ શોધીને તેને સમજવાનો પ્રયત્ન કરતાં નથી.

કૃષ્ણમૂર્તિ કહે છે કે સંપૂર્ણ માનવ ચેતના એ એક જ છે, પરંતુ આપણો વ્યવહાર એ વાસ્તવિકતાથી સાવ જ ઊંધો છે. 'આપણે પ્રત્યેક વ્યક્તિ એ અલગ છીએ' એવી ભાવના આપણા મનના ઊંડાણ સુધી બેસેલી હોય છે. આ સંદર્ભમાં ઉદાહરણ આપતાં કબીર કહે છે કે કોઈ પણ બાળક પોતે અમૂક ધર્મનો છે એવી ભાવના લઈને જગતમાં આવતો નથી. તો પણ, અલગ અલગ વાતાવરણમાં ઊછેર થવાથી દરેક બાળક એ પ્રમાણે 'ધર્મ'ના અલગ અલગ વિચારો આત્મસાત કરે છે, એટલી હદે, કે એ વિચારો માટે મનમાં કોઈ શંકા પણ ઉપજતી નથી. આ ઊંડા મૂળ ધરાવતા લક્ષણોને આધારે જ આપણી આસપાસના જગતને પ્રતિભાવ આપતા હોઈએ છીએ. અને આવા માનસિક ઘડતરમાંથી જેમ જેમ દરેક વખતે પ્રતિભાવ આપવામાં આવે છે તેમ તેમ એ ઘડતર વધારે ને વધારે મજબૂત બનતું જાય છે. દરેક વખતે કે જ્યારે હું તમને મારો દુશ્મન ગણું છું, ત્યારે 'તમે મારા દુશ્મન છો' એ ભાવના પ્રબળ બનતી જાય છે અને પછી એ ભાવના મારા માનસિક ઘડતરથી સ્વતંત્ર એવી એક વાસ્તવિકતા હોય એવું ભાસે છે.

કૃષ્ણમૂર્તિ સૂચવે છે કે આપણું દરેકનું અલગ 'સ્વત્વ' હોવાની ભાવના પણ વિચારોની જ રચના છે. અહીં કબીર 'જાતિ'નું ઉદાહરણ



આપે છે. તેમણે કહ્યું કે 'જાતિ' એ વિચારોની રચના છે તે સમજવું સહેલું છે. આ ભાવના આપણે અળગી કરી શકીએ છીએ. પરંતુ 'અલગ સ્વત્વ'ની ભાવના સતત જાગૃત જ રહે છે.

તેમણે આગળ કહ્યું કે બાળકોમાં શરૂઆતમાં અલગ સ્વત્વની ભાવના નથી હોતી, પરંતુ, તેમના પાલક, આજુબાજુના માણસોની તેમની સાથેની વાતચીતમાંથી જ બાળકોમાં સ્વત્વની ભાવનાનું સિંચન થાય છે. 'આ તારું છે', 'પેલું એ બાળકનું રમકડું છે' વગેરે, ત્યારે સાવ બાળપણથી જ એક અલગ સ્વત્વ હોવાનું પ્રશિક્ષણ જ જાણે કે બાળકને આપવામાં આવે છે. અને જેમ જેમ આપણે મોટાં થતાં જઈએ, તેમ તેમ આ અલગ સ્વત્વની ભાવના આપણી સમજમાં આપણી ચેતનામાં એક 'નિર્વિવાદ સત્ય' તરીકે પાકી થતી જાય છે – એક મૂળભૂત સ્વયંસિદ્ધ તત્વ કે જેમાં બીજી બધી ભાવનાઓનો સ્રોત રહેલો છે. પછી તો બધું 'મારું જીવન', 'મારા ભવિષ્ય માટેની મારી ચિંતા' વગેરે વિચારોની આસપાસ ફરતું રહે છે. અને જવલ્લે જ એકાદ બાળકને એવા વાતાવરણમાં રહેવાનો મોકો મળે છે, કે જ્યાં આના વિશે પ્રશ્ન કરવામાં આવે છે, જ્યાં એક પ્રકારની સ્પષ્ટતા હોય છે, વિવેક હોય છે, વ્યવસ્થા હોય છે. ઉલ્ટાનું આપણે ફક્ત 'સ્વત્વને પેલે પાર જવા માટે અતિશય કઠણ પરિશ્રમની જરૂર છે' એવા આદર્શની – એટલે કે ભવિષ્યના દૂર દૂર રહેલા આદર્શની કલ્પના કરતાં હોઈએ. તેને લીધે એક અલગ સ્વત્વની ભાવનાની પુષ્ટિ જ થાય છે કારણકે 'સ્વત્વ' એ કાલસાપેક્ષ છે.

'સ્વત્વ એ કાલસાપેક્ષ છે' આવા એક વાક્ય તરફ નિર્દેશ કરતાં કબીરે કહ્યું કે કાળ અને આપણું એક અલગ સ્વત્વ હોવાની ભાવના આ બન્ને વાતોનો ઊંડો સંબંધ છે. કારણકે 'મારો ભૂતકાળ' 'મારો ભવિષ્યકાળ' 'કઈ વસ્તુઓને હું પકડી રાખું તો એમાં મારું હિત છે' આ બધી ભાવનાઓ સાથે જ સ્વત્વની ભાવના રહે છે. અને કૃષ્ણમૂર્તિ કહે છે (અને જે વાતથી અનેક મુંઝવણ મૂકાય છે) કે તમે પ્રયત્ન કરી શકતા નથી, કારણકે જે ક્ષણે તમે પ્રયત્ન કરો છો, ત્યારે ત્યાં પહેલેથી જ એવું ગૃહીત હોય છે કે 'એક' હું છું જેને 'બીજા' કશા પર વિજય મેળવવો છે, કશાકને આપણા કાબૂમાં લાવવાનું છે. અને આ વિભાજનથી અલગ સ્વત્વની ભાવનાને ઉત્તેજન જ મળે છે, સાતત્ય મળે છે. એટલે, કદાચ આ સ્વત્વની ભાવનાના ત્યાગમાં જે મૂળ અડચણ આવે છે તે 'સ્વ'ની સમસ્યાની નથી હોતી, તે તો આપણે તે માટે જે માર્ગ અપનાવીએ છીએ તેની હોય છે. કાંઈક સાધવા માટે

જો હું ખોટો માર્ગ અનુસરીશ તો સતત મળતી નિષ્ફળતાને કારણે તે બાબત અતિશય મુશ્કેલ છે એવું માનવા લાગીશ, પરંતુ, અપનાવેલ માર્ગ વિશે હું કદી પણ સવાલ ઊભો કરતો નથી. અને આખાય માનવ ઈતિહાસમાં જે માર્ગ અખત્યાર કરેલો છે તે નિયંત્રણ કરવાવાળો, શ્રદ્ધા મૂકવાવાળો છે. 'સ્વત્વની ભાવનામાંથી મૂક્ત થવું શક્ય છે કે' એ પ્રશ્ન ભારતીય સંસ્કૃતિનો એક અવિભાજ્ય ભાગ છે. ઉપનિષદ અને એવા અનેક ગ્રંથોમાં આ પ્રશ્ન ઉપસ્થિત કરેલો છે, પણ તે ગ્રંથો ઉપર લખાયેલ ભાષ્યોમાં એવું લાગે છે કે જાણે વાદવિવાદ કરીને નિવેડો લાવવાની આ એક બૌદ્ધિક કસરત છે, અથવા, મનને યોગ દ્વારા કેળવવા માટેની અલગ અલગ પ્રવૃત્તિઓમાંની આ એક પ્રવૃત્તિ છે, અથવા શ્રદ્ધા અને આશાની આ એક એવી બાબત છે કે આ અલૌકિક શ્રદ્ધા અને એ વિચારોમાં તલ્લીનતા જ 'સ્વત્વ'ની ભાવનાથી ઉપર ઊઠવામાં મદદ કરશે.

પણ આ પ્રશ્નને સમજતાં પહેલાં અલગ સ્વત્વની ભાવના કેવી રીતે નિર્માણ થઈ એ વાતની શોધ કરવી પડે. વિચાર કરનાર એ વિચારોથી અલગ હોય છે એવી એક નિશ્ચિત સમજ હોય છે. 'હું વિચાર કરનાર છું અને મારા મનમાં વિચારો આવે છે', અને કોઈ આવીને કહે છે કે 'ખરેખર તો તેનાથી સાવ ઊંધું જ છે, વિચારોને લીધે જ વિચાર કરનારનું અસ્તિત્વ છે'. અલગ રીતે કહેવું હોય તોઃ જો એવી ધારણા હોય કે 'મારો અનુભવ' એ 'મારાં કરતાં અલગ' છે, તો આ વિચાર જ વિચાર કરનારનું નિર્માણ કરે છે, અલગ અસ્તિત્વની ભાવનાનું નિર્માણ કરે છે. એનું ખરાબ પરિણામ એ આવે છે કે પછી હું કહું કે હું મારા પર કાબૂ રાખીશ, મારા વિચારો પર નિયંત્રણ રાખીશ, કારણકે મારા વિચારો મને અસ્વસ્થ બનાવી દે છે, તે મારી જિંદગીનો હિસ્સો બને તેવું મને નથી જોઈતું. એટલે હું તેમના પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કરું. પણ કાબૂ મેળવવાની વાત જ અલગ સ્વત્વ હોવાની ભાવનાને વધારે ગાઢ કરે છે.

માણસનું મગજ વર્તમાનકાળની જીવંત ક્ષણ કરતાં ભૂતકાળને બહુ વધારે મહત્ત્વ આપે છે. અને આપણું અસ્તિત્વ ભૂતકાળથી આપણે કાર્યરત છીએ એ બાબતમાં જ સમાયેલું છે એવું એને લાગે છે. કદાચ આ જ કારણે આપણે આપણા માનવીય પ્રશ્નોને ઉકેલી શકતા નથી, એવી આર્થિક વ્યવસ્થા સ્થાપી શકતા નથી જ્યાં કામ કરવું આનંદદાયક હોય. આમ, અલગ સ્વત્વ હોવાની ભાવનાના દુષ્પરિણામ ભયંકર છે. એટલે જ આ બાબત મનમાં ઊંડી તપાસ કરવી જરૂરી છે, અને એ તપાસમાં જ મનની મુક્ત થવાની શક્યતા છે.

વિચાર અને તેને મળતા પ્રતિભાવ આ બન્નેમાં ન અટકતાં, જ્યારે જાગૃત અવસ્થામાં આ બાબતે મનમાં સમજ/ભાન હોય ત્યારે તે મન મુક્ત હોય છે. સમજપૂર્વક સાંભળવું કે જોવું એ કૃત્ય વિચાર આધારિત નથી.

શ્રોતાઓએ અનેક પ્રશ્નો કર્યા અને બધું મળીને એ સંવાદમાંથી વિચારોનું મંથન થયું. બપોરના વ્યાખ્યાનમાં કૃષ્ણમૂર્તિના ભાષણની રેકોર્ડિંગ બતાવવામાં આવી.

વિચારશક્તિની જરૂરિયાત માટે બોલતાં કબીરે કહ્યું કે માહિતીના રૂપમાં વિચારોની નક્કી જ જરૂર છે. પણ ભૂતકાળના રૂપમાં વિચાર, કે જે વ્યક્તિની અલગ ઓળખ નિર્માણ કરે છે એ જ દરેક અવ્યવસ્થાનું મૂળ છે. વિચાર એ માહિતીનો એક ભાગ હોય છે. મારે જો અહીં બસથી આવવું હોય તો તે માટે જોઈતું કાર્ય કરવું જરૂરી છે. કઈ બસ અહીં આવશે એ કોઈને તો પૂછવું જરૂરી છે. વિચારોનું આ કાર્ય યોગ્ય છે. તે કોઈ માનસિક વિભાજન કરતું નથી. પણ જ્યારે ''આ મારો અનુભવ છે' એવું કહી કોઈ એક પક્ષ સાથે જોડાવાની વાત આવે, તો તે માનસિક વિભાજન અને અલગ પાડવાની વૃત્તિ છે.

કબીર આગળ કહે છે, વિચાર એ મનની એક ક્ષમતા છે. યાદ રાખવું, સ્મૃતિ હોવી, એ સ્મૃતિને યાદ કરી શકવું એ પણ મનની ક્ષમતા છે. સમજવું, સાંભળવું એ પણ મનની મોટી ક્ષમતા છે. સાંભળવું અને સમજવું આ બન્નેને વિચાર સાથે કોઈ સંબંધ નથી. તમે કોણ છો, શું કરો છો એની કાંઈ પણ જાણ ન હોવા છતાં હું તમારું કહેવું પુર્ણરૂપે સાંભળી શકું છું. એટલે, સાંભળવાની પ્રવૃત્તિ અને સમજવાની પ્રવૃત્તિ વિચારો પર આધારિત નથી.

ચેતના બધામાં હોય છે? જો હોય તો તે જાગૃત અવસ્થામાં હોય છે કે? કે પછી તેને જાગૃત કરવી પડે છે? આ પ્રશ્નોનો ઉત્તર આપતાં શ્રી કબીરે કહ્યું કે એક દૃષ્ટિએ 'વિચાર' અને 'સ્મૃતિ'ના મનોવ્યાપાર એક સામુદાયિક ઘટના છે. હું 'પેન' શબ્દ વાપરી શકું છું કારણકે તમને બધાંને 'પેન' શબ્દનો એક જ અર્થ અભિપ્રેત છે. એટલે કે, ભાષા, સંકલ્પના વગેરે એક સામુદાયિક ઘટનાઓ છે, સંસ્કારિતા એ પણ એક સામુદાયિક ઘટના છે. નાના બાળકોમાં સાંભળવાની, નિરીક્ષણ કરવાની, જોવાની ક્ષમતા છુપાયેલી જ હોય છે. પણ એક દૃષ્ટિએ જોતાં તે બાળક થોડીક નાજુક પરિસ્થિતિમાં હોય છે. આપણે તેને જે જે બતાવીશું, જે જે આપીશું તે બધું તે આત્મસાત કરતો જશે, પરંતુ, (અને શિક્ષણની દૃષ્ટિએ આ મુદ્દો ખુબ અગત્યનો છે) તેની જોવાની, સાંભળવાની, નિરીક્ષણ કરવાની ક્ષમતાને કેળવવાને બદલે આપણે એ બાબતોની સર્વથા અવગણના કરીએ છીએ ને તેને બદલે વિચારવાની, નિષ્કર્ષ કાઢવાઅની ક્ષમતા ઉપર જ ભાર આપીએ છીએ. એટલે આ ક્ષમતા કદી વિકસિત થતી નથી. અને પછી બીજી એક મોટી ભૂલ આપણે એ કરતાં હોઈએ છીએ કે આ ક્ષમતાઓ ગૂઢ છે, અગમ્ય છે એવી કલ્પના કરીને ફક્ત મોટાં ઋષિમુનીઓ માટે જ આ બધું શક્ય હોય છે, ઘોર પરિશ્રમથી જ તે પ્રાપ્ત થઈ શકે.

પરંતુ, વસ્તુસ્થિતિ આવી ન હોય. બધાં જ માણસોમાં આ નિરીક્ષણ કરવાની, ધ્યાન આપવાની વિલક્ષણ ક્ષમતા હોવી જોઈએ. પણ જો તમે આ વિશે કોઈને કહેશો તો તે કહેશે કે 'મને આ બધાંમાં રસ નથી. મારાં સુખોમાં જ મને તો રસ છે.' કે પછી આવું જ કાંઈક. ફક્ત જોવું, નિરીક્ષણ કરવું તેને નિરર્થક લાગે છે. એટલે આ એક વિષચક્ર બની જાય છે. 'એક અલગ અહં છે' આ ભાવનાને આપણા દરેક પ્રતિભાવ પોષે છે અને 'એક અલગ અહં'ની ભાવના આ પ્રતિભાવોને પોષે છે. જો મન સાવધ હોય તો આ વિષચક્રમાંથી છૂટી શકાય.

ધ્યાન દઈને નિહાળ્યું તો એમાં સ્નેહ આવે. એકાદ ઝાડ પ્રત્યે આસથાથી લક્ષ આપતાં, તે ધ્યાનમાં સ્નેહ સહજતાથી આવે છે. આ સ્નેહ એ વિચાર કે સ્મરણમાંથી ઉદ્ભવતી કોઈ બાબત નથી. સમગ્રતાથી જોવું અને સાંભળવું એ પ્રવૃત્તિમાં જ સ્નેહનું લક્ષણ હોય છે.

જ્યારે મગજમાં કોઈ નિષ્કર્ષ પકડી લઈને બેસતા નથી, ત્યાં જ શીખવું શક્ય હોય છે. શિક્ષણનું આ મૂળતત્વ હોય તો જ અંતઃદૃષ્ટિ આવી શકે. પણ આપણે તો બાળકોને માટે શિક્ષણ આપતાં નથી, આપણે તો નિષ્કર્ષ પર આવવાનું અને એ નિષ્કર્ષને વળી પરીક્ષામાં ફરીથી રજૂ કરવાનું શિક્ષણ આપીએ છીએ.

ફક્ત નિહાળવાની પ્રવૃત્તિમાં કોઈ જ પ્રયત્ન રહેલો નથી. પ્રયત્ન ત્યાં જ રહેલો છે જ્યાં ક્યાંક પહોંચવાનું છે. પણ જ્યાં ફક્ત નિહાળવાનું જ છે ત્યાં તો કેવળ નિરાંત છે.

સાંસ્કૃતિક સ્મૃતિ વિષયક પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી કબીરે કહ્યું કે સાંસ્કૃતિક સ્મૃતિની જરૂર છે કે? એકાદ પ્રાચીન પુસ્તકની પૂજા કરવાથી પ્રેમ, આદર અને કાળજી રાખવાની સંસ્કૃતિ આવશે કે? કે પછી આ સંસ્કૃતિ તો આવશે જો આપણે એકબીજાને સારી રીતે 'સાંભળીશું'? તમે જ્યારે પ્રાચીન ગ્રંથોનો આદર કરો છો ત્યારે તમે તમારી સામે જે વ્યક્તિ રહેલ છે તેનો આદર કરતાં નથી. તે પુસ્તક વધારે મહત્ત્વનું બની જાય છે. તમારી આજુબાજુ તમને આવું બની રહેલું દેખાશે. આ સંસ્કૃતિ અને પેલી સંસ્કૃતિ એવું કહી કહીને આપણે એકબીજાને મારી રહ્યા છીએ. આગળ કબીરે કહ્યું કે ભારતીય સંસ્કૃતિ, ભારતીય સંગીત પર તેમનો પ્રેમ છે, પણ પ્રેમ અને સ્નેહની જીવંત સંસ્કૃતિ કોઈ પુસ્તકમાં નથી મળતી.

પ્રયત્ન કરવાના પ્રશ્ન વિશે શ્રી કબીરે કહ્યું કે 'મારે કાંઈક વિશિષ્ટ બનવું છે' એ વિચારમાં જ પ્રયત્ન કરવાનું મૂળ છે. વિચારશક્તિએ 'કાંઈક બનવું'ને ઘણું મહત્ત્વ આપ્યું છે. 'મારે આ બનવું છે, પેલું બનવું છે, પેલું મેળવવું છે'. પણ આ 'કાંઈક બનવું'ની પ્રવૃત્તિ જ જીવનમાં નિખાલસતાને અટકાવે છે. કારણકે 'કાંઈક બનવું' એ એક વિશેષ દિશાના સંકુચિત વિસ્તારમાં ગતિની પ્રવૃત્તિ તરફ દોરે છે, જેને લીધે પછી સમગ્રતાથી જીવનને જોવાનું શક્ય રહેતું નથી.

મારી ચિન્તાઓને લીધે, મારામાંની અસુરક્ષિતતાની ભાવનાને લીધે હું 'દેવ'ની કલ્પના કરું છું. એ જ રીતે, એક વિશિષ્ટ સ્થિતિએ પહોંચવાની મારી આકાંક્ષાને લીધે હું એક નિશ્ચિત પ્રણાલી શોધી કાઢું છું અને પછી એ જ પ્રણાલીમાં અટકી જાઉં છું. એટલે, કાંઈક બનવાની ભાવના – એટલે કે સતત કાંઈક ને કાંઈક અનુભવવાની માંગણી અને તે અનુભવમાં સતત પોતાના અસ્તિત્વને પ્રમાણિત કરતાં રહેવાની પ્રવૃત્તિ, તે ભાવનાની અલગ પાડવાની મર્યાદા લાવનારી જે ગતિ હોય છે તેનો બોધ પામી શકાય છે?

એક એ પ્રશ્ન પણ પૂછવામાં આવ્યો કે 'શું એવું ન હોઈ શકે કે એકાદ નવોસવો સાધક એકાદ ધ્યેય – મુક્તિ, એકાત્મકતા કે એવું કાંઈ સામે રાખીને શરૂઆત કરે અને પછી જેમ જેમ પ્રવાસ આગળ જતો જાય તેમ તેમ એ સમજમાંથી જ કેટલીક વસ્તુઓ સ્પષ્ટ બનતી જશે?

કબીરે ઉત્તર આપતાં કહ્યું કે અહીં બહુ મોટો ફરક છે. 'તમારાથી અલગ હોવાની મારી ભાવના' એ હું ખરેખર શું અનુભવું છું તે છે, જેને તપાસી શકાય. એકાત્મકતાનો મારો ધ્યેય એ વિચારોનો તર્ક છે. તો આવા ધ્યેયની કલ્પના કરીને તેની તપાસ કરવી તેનાં કરતાં જે ખરેખર બની રહ્યું છે તેના તરફ ધ્યાન આપવું, તેનું નિરીક્ષણ કરવું, સ્વને તે કઈ કઈ રીતે પુષ્ટિ આપે છે એ શોધવું વધારે તર્કસંગત ન ગણાય?

એટલે કોઈપણ માર્ગ ઘડવામાં કાંઈક બનવાની પ્રક્રિયા શરૂ થાય છે, આ સમજી શકવું એ જ એક મૂળગામી શરૂઆત છે.

મારામાં એક પ્રકારની અસ્વસ્થતા છે તેનું નિરીક્ષણ કરવાને બદલે હું નિરીક્ષણ કરવાની એક રીત શોધી કાઢું છું, તે રીત પર હું અવલંબિત રહું છું, પોતાનું જરાય નિરીક્ષણ કરતો નથી. આમાં ચોક્કસ જ વિસંગતિ છે.

મને જો ઉત્તરની, નિષ્કર્ષની અપેક્ષા હોય તો આ અપેક્ષા એ જ એક વિશિષ્ટ વિચારધારા હોય છે. કારણકે મને નિષ્કર્ષની અપેક્ષા હોવી એ નિર્દોષ લાગે તો પણ નિષ્કર્ષમાં સુરક્ષિતતા હોય એવી પાકી સમજમાંથી જ તે આવે છે. માટે આપણે સુરક્ષતતાની શોધ કરતા હોઈએ છીએ, સત્ય સુધી પહોંચવાનો પ્રયત્ન નથી હોતો.

કોઈ પણ વિચારસરણીને પકડી રાખવી, વિશેષ તો એક અલગ અહં હોવાની ભાવના, પછી ત્યાં વિચાર એ અહંની ભાવનાનું રક્ષણ કરવામાં ગુંથાતો જાય છે. ત્યાં વિવેક નથી રહેતો. કદાચ વિચાર ફક્ત એકાદ સ્વયંસિદ્ધ તત્ત્વથી શરૂ કરીને આગળ જતો હશે, પણ તેમાં ફક્ત તૂલનાકીય સુસંગતિ હોવાની, સંપૂર્ણ સુસંગતિ નહીં.

કૃષ્ણમૂર્તિ 'નિરીક્ષણ કરવું' એમ જે કહે છે તે પણ એક વિશેષ પ્રણાલી નથી શું? આ પ્રશ્ન માટે શ્રી કબીરે કહ્યું કે હું બૌધિક અન્વેષણમાંથી સુરક્ષિતતા શોધતો હોઉં, કે પછી એકાદ ગુરુનું સારૂપ્ય સાધીને કે પછી બીજા કોઈ પ્રકારે સુરક્ષિતતા શોધતો હોઉં, આ 'સુરક્ષિતતા શોધવી' નું કોઈપણ પૂર્વજ્ઞાન વગર જો પરીક્ષણ કરવામાં આવે, એ અવસ્થામાં નિરીક્ષણ કે જ્યાં કાંઈ પણ 'ખબર છે' એ ભાવના ન હોય (જ્ઞાન એ નિરીક્ષણમાં અટકાવ નાખે છે), 'કાંઈ ખબર નથી' એ અવસ્થામાં જો નિરીક્ષણ થતું હોય તો ત્યાં કઈ પ્રણાલી હોવાની?

અહીં મહત્ત્વનો જે પ્રશ્ન છે તે એ છે કે 'સ્વ'ની ભાવના સુરક્ષિત રાખવાના ઉદ્દેશ સિવાય નિરીક્ષણ છે કે? મારું મોટા ભાગનું ચિંતન, મોટાભાગનું નિરીક્ષણ, મારી મોટા ભાગની પ્રવૃત્તિ એ એક અલગ સ્વ છે તે ભાવનાને સુરક્ષત રાખવામાંથી જ આવે છે.

એકંદરે આ સત્રમાં ખુબ મુક્ત અને ચેતના સભર વાતાવરણમાં આ ગહન વિષયના વિવિધ પહેલુઓનો ખુલાસો થયો.

## સમગ્રતાનો આ ઈન્દ્રિયબોધ

હું વિચારું છું કે આપણે જો ખરેખર સર્જનાત્મક હોવું એટલે શું એ પ્રશ્નમાં જઈએ તો તે યોગ્ય રહેશે, કારણ કે વર્તમાન સમયમાં દુનિયામાં આ બહુ મોટી સમસ્યા હોય એવું મને લાગે છે. માત્ર કોઈ કુદરતી દેન હોવી, કે કોઈ વિશિષ્ટ દિશામાં પ્રતિભા હોવી, એ તો દેખીતી રીતે જ સર્જકશક્તિ નથી. મને લાગે છે કે જીવનને સમગ્રતા તરીકે જોવાની ક્ષમતામાંથી – નહીં કે ખંડિત ભાગો તરીકે –, એક સુગ્રથિત માનવ તરીકે વિચારવાની અને અનુભવવાની ક્ષમતામાંથી સર્જકશક્તિ આવે છે. એવું હોઈ શકે કે સમગ્રતાનો આ ઇન્દ્રિયબોધ, જેમાં કોઈ વિરોધાભાસ નથી, તે જ તથ્યની, ઈશ્વરની અથવા તમે જે કહો તેની અનુભૂતિ છે, અને મને લાગે છે કે આપણે જો હકીકતને ખોટી માન્યતાથી અલગ કરીએ તો આ અવસ્થાને સમજીશું.

રાજઘાટ સ્કૂલમાં ત્રીજું પ્રવચન, બનારસ, ૧૯૫૫

# આ સર્જનાત્મક ખાલીપણું, આ આતુર તટસ્થતા

'શાંત બનવું' અને 'શાંત હોવું' એમાં ઘણો મોટો ફરક છે. દરરોજ આપણે જે સર્વ અનુભવો, ભય, આશા ભેગાં કરીએ છીએ તેનું વિસર્જન કરવું જ જોઈએ, અને તે તો જ કરી શકીએ જો આપણે 'સંઘર્ષ'થી જાગૃત હોઈએ, 'સંઘર્ષ'ને ઓળખતાં હોઈએ અને આપણે તટસ્થતાથી શાંત હોઈએ. આપણે દરેક દિવસે ચારે ઋતુને તટસ્થાપૂર્વક જીવવી જોઈએ - વસંત, ગ્રીષ્મ, શરદ અને શિશિર. કારણકે શિશિરમાં ખેતરો પીળાં રંગની ઝાંયમાં ફેરવાઈ જાય છે, જાણે કે આકાશ પાસેથી ફરીથી શક્તિ મેળવવા માટે આતુરતાથી જોઈ રહ્યા હોય છે, તેવી જ રીતે ચિત્તે પણ પોતાને ખુલ્લું, સર્જનાત્મકતાથી ખાલી કરી મૂકવું જોઈએ. તો જ 'સત્ય'નો શ્વાસ લેતા આવડી શકે.

આ સર્જનાત્મક ખાલીપણું, આ આતુર તટસ્થતા એ ઇચ્છાના કોઈ પ્રયત્ન દ્વારા ન આવી શકે. જે લોકોનું મન સતત વિચલીત થતું હોય, જેઓ અવિરતપણે કોઈને કોઈ કાર્યમાં મગ્ન હોય, સતત કાંઈક બનવા માટે મથામણ કરતાં હોય, તટસ્થ રહેવાનો ખુબ પ્રયત્ન કરતાં હોય તેવા લોકો માટે તો બહુ જ મુશ્કેલ છે. જો તમે સમજો તો, ચિત્ત-હૃદય સાવ જ શાંત હોવું જોઈએ, સ્વીકારવા માટે તીવ્રતા આવવી જોઈએ, અને એ સમજમાં જ પરમ શાંતિ રહી છે. આ અપ્રગટ જાગરૂકતા એ કોઈ સંકલ્પની પ્રવૃત્તિ નથી, એ તો ત્યારે જ હોય જ્યારે આપણા વિચારો અને લાગણીઓ 'બનવા'નાં જાળામાં ફસાયેલી ન હોય. આપણે કોઈ બાળકને ક્યારેય શાંત બનવાનું નથી કહેતાં, તેમને તો 'શાંત રહો' એમ જ કહીએ છીએ. પણ આપણે આપણી જાતને કહેતાં હોઈએ છીએ કે અમે 'શાંત બનીશું', અને આ 'બનવા' માટે આપણી પાસે વિવિધ બહાનાઓ હોય છે, અનંત કારણો હોય છે, અને તેથી જ આપણે ક્યારેય 'શાંત હોતાં' નથી. 'શાંત બનવું' ક્યારેય 'શાંત હોવું' ન બની શકે, 'બનવા'ના અંત સાથે જ 'હોવાં'નો પ્રાદુર્ભાવ હોય.

મહાન સર્જનની ક્ષણોમાં, ભવ્ય સુંદરતાની ક્ષણોમાં તદ્દન પરમ શાંતિ હોય છે; આ ક્ષણોમાં 'અહં'નો તેનાં દરેક સંઘર્ષો સહિત, તદ્દન અભાવ હોય છે, આ નકારમાં જ વિચારો-લાગણીઓનું ઉચ્ચત્તમ શિખર હોય છે, જે સર્જનાત્મક અસ્તિત્વ માટે અનિવાર્ય છે. પણ આપણાં બધાં માટે આ પળો બહુ જ વિરલ હોય છે, એ ક્ષણો કે જ્યારે વિચારક અને તેના વિચારો એક અવસ્થાને વટાવી ચૂક્યા હોય એવી ક્ષણો અચાનક જ આવે છે, પણ 'અહં' તરત જ પાછો ફરે છે. આ જીવંત શાંત અવસ્થાને એક વાર અનુભવી ચૂક્યા હોય તો વિચારો-લાગણીઓ તેના સ્મરણને વળગી રહે છે અને જેને લીધે સત્યના નવા અનુભવોને અટકાવે છે. સ્મરણની આ પ્રકારની કેળવણી એ ખોટી દિશાના પ્રયત્નો છે, જેને કારણે સંઘર્ષો અને દુઃખો સહિતના 'અહં'ની ભાવના બળવાન બને છે; પણ જો આપણે આપણી મુશ્કેલીઓ આપણાં સંઘર્ષો વિશે અંદરથી જાગરૂક હોઈએ, તેમને સમજતાં હોઈએ તો જાત વિશેનું આ જ જ્ઞાન સાવધ તટસ્થતા અને પરમ શાંતિ લાવે છે. આ જીવનમાં જ નિઃશબ્દતા જ સત્ય હોય છે. ફક્ત અતિ સાદાઈ જ, જ્યારે બધી તૃષ્ણા અટકી ગઈ હોય, એ જ સત્યનો પરમાનંદ હોય છે.

ઓક ગ્રોવમાં ૫મી વાતચીત, ૧૯૪૫


**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇંડિયા, વસંત વિહાર,** ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચેન્નઈ ૬૦૦ ૦૨૮.
Email : vvstudy@kfionline.org • Website: http: www.kfionline.org
કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરૂ :** ધી સ્ટડી વેલી સ્કૂલ કૅમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરૂ ૫૬૦૦૬૨.
ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩ • Email : kifistudy@gmail.com • Website : www.kfistudy.org
૦૭-૧૦ જૂન ૨૦૧૮ Understanding 'Emotions'- Hurt, Frustration & Anger
૧૨-૧૫ જુલૈ ૨૦૧૮ What does it mean to be a 'Responsible Parent'?
૦૯-૧૪ ઓગસ્ટ ૨૦૧૮ Exploring Harmony in Relationship

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩ • Email : studycentre@rajghatbesantschool.org • Website : www.rajghatbesantschool.org
૩૧અક્ટૂબર-૩ નવમ્બર ૨૦૧૮ K.F.I. Annual Public Gathering 2018 • Details on: http://www.rajghatbesantscool.org/jk/rajghat-study-centre

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઈ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧
ટે.નં. ૯૪૧૨૪ ૩૬૪૨૯/ ૯૪૧૫૯ ૮૩૬૯૦ • Email : krc.himalay@gmail.com
website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com • website :www.kficc.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર :** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: jksesbadlapur@gmail.com • website: www.jkses.org

# તેને અભિવ્યક્તિની જરૂર નથી

**આ**પણું જીવન ધમાચકડીથી ભરેલું છે, તે સતત સંઘર્ષ છે, તેમાં કંઈ મૌલિક નથી, કશું સર્જનાત્મક નથી – હું 'સર્જનાત્મક' શબ્દનો ઉપયોગ ખૂબ સાવચેતીપૂર્વક કરું છું. ચિત્રકાર, સ્થપતિ, લાકડામાં કોતરણી કરનાર, તે એમ કહે કે તે સર્જનાત્મક છે. રસોડામાં રોટલી બનાવતી સ્ત્રી સર્જનાત્મક કહેવાય છે. અને તેઓ કહે છે કે કામવાસના પણ સર્જનાત્મક છે. તો સર્જનાત્મક હોવું એટલે શું? ચિત્રકારો, સંગીતકારો, અને ભારતીય ગાયકો ભક્તિપૂર્વક એમ કહે છે કે તેઓનું કામ સર્જનાત્મક છે. શું તેમ છે? તમે પિકાસોને એક મહાન ચિત્રકાર તરીકે, એક મહાન સર્જક તરીકે સ્વીકાર્યો છે, તે એક નાકને ત્રણ ચહેરા ઉપર મૂકે, અથવા તે જે કંઈ કરે. હું તેને નામંજૂર નથી કરતો કે નથી તેનું અપમાન કરતો, હું માત્ર તે તરફ ધ્યાન દોરું છું. તેને સર્જન કહેવાય છે. પણ શું તે બધું છે સર્જકશક્તિ? કે પછી સર્જકશક્તિ કશુંક તદ્દન વિશિષ્ટ છે? તમે ચિત્રમાં, કાવ્યમાં, ગદ્યમાં, પ્રતિમામાં, સંગીતમાં સર્જકશક્તિની અભિવ્યક્તિને જુઓ છો. તે એક માણસની પ્રતિભા પ્રમાણે અભિવ્યક્ત થયેલું છે, તે મહાન હોય કે મામૂલી; તે આધુનિક રોક સંગીત હોય કે બાખ – હું તે બંનેને સરખાવવા બદલ દિલગીર છું! – તેઓની સરખામણી બિલકુલ જ થઇ ન શકે. પરંતુ આપણે તે બધાંને સર્જનાત્મક તરીકે સ્વીકાર્યાં છે કારણ કે તે કીર્તિ, ધન, પદવી લાવે છે. પણ હું પૂછું છુંઃ શું તે સર્જનાત્મકતા છે? જ્યાં સુધી સ્વાર્થ હોય, જ્યાં સુધી બજારમાં સફળતા, ધન, ઓળખાણ પૂરાં પાડવા માટેની માગણી હોય, ત્યાં સુધી શું સર્જન – તે શબ્દના ગહન અર્થમાં – શક્ય છે? મહેરબાની કરીને મારી સાથે સંમત ન થશો. હું માત્ર તેની તરફ ધ્યાન દોરું છું. હું એમ નથી કહેતો કે હું સર્જનાત્મકતાને જાણું છું અને તમે નથી જાણતા; હું તેવું નથી કહી રહ્યો. હું માત્ર એમ કહું છું કે આપણે કદીયે આ બાબતો વિષે પ્રશ્ન નથી કરતા. હું કહું છું કે એવી એક અવસ્થા છે કે જ્યાં એવું સર્જન છે જેમાં સ્વત્વનો પડછાયો નથી. તે છે સાચું સર્જન; તેને અભિવ્યક્તિની જરૂર નથી, સ્વ-સિદ્ધિની જરૂર નથી, તે છે સર્જન. કદાચ કામવાસનાને સર્જનાત્મક અનુભવાય છે અને તે મહત્ત્વની બની ગઈ છે કારણ કે આપણી આજુબાજુની દરેક વસ્તુની હદ બાંધી દેવાયેલી છે, નોકરી, કાર્યાલય, ચર્ચમાં જવું, કોઈ ફિલસૂફ કે ગુરુને અનુસરવું. આ બધાએ આપણને મુક્તિથી વંચિત રાખ્યા છે, અને, તે ઉપરાંત, આપણે આપણી પોતાની વિદ્યાથી મુક્ત નથી; ભૂતકાળ કાયમ આપણી સાથે છે.

*ચિત દર્શન, સત દર્શન,* વાર્તાલાપ ૩૬

# સ્વ-અભિવ્યક્તિની ઈચ્છા

**પ્રશ્નકર્તાઃ** હું એક સંશોધક છું અને મારી કેટલીક શોધોનો ઉપયોગ આ યુધ્ધમાં થયો છે. હું હિંસાનો વિરોધી છું એવું મને લાગે છે, પણ મારી ક્ષમતાનું હું શું કરી શકું? હું મારી સંશોધન કરવાની ક્ષમતાને દબાવી ન શકું કારણકે સંશોધનનો ઉત્સાહ મને એ (નવા સંશોધનો) તરફ જ ધકેલે છે.

કૃઃ 'મારી નાંખવાની ક્ષમતા' અને 'સંશોધન કરવાની ક્ષમતા' આ બન્નેમાંથી કઈ વાત તાકીદે સમજવા માટે તમને વધારે મહત્ત્વની લાગે છે? જો તમને સંશોધન કરવા સાથે, તમરી ક્ષમતાને વ્યક્ત કરવા સાથે ફક્ત નિસ્બત હોય તો તમારે જ શોધવું રહ્યું કે કેમ તમે એને આટલું પ્રાધાન્ય આપો છો. તમારી ક્ષમતા તમને જીવન, સત્યથી પલાયનતા તરફ તો નથી દોરી રહી ને? તમારી ક્ષમતા સંબંધોમાં અંતરાય નથી ઊભો કરી રહી ને? હોવું એનો અર્થ જ કશાકને સંબંધિત હોવું, અને કાંઈ પણ એકલું અસ્તિત્વમાં ન હોઈ શકે. એટલે, સ્વ-જ્ઞાન વગર તમારી શોધ કરવાની ક્ષમતા તમારા પોતાના માટે અને તમારા પાડોશીઓ માટે ખતરનાક બની જાય છે.

તમારો વ્યવસાય તમારા સાથી માણસોનો વિનાશ કરવામાં મદદરૂપ બને છે? તમારા સંશોધનો અને પ્રવૃત્તિઓ થોડાક વખત માટે મદદરૂપ બને, પણ છેવટે જો તેને અંતિમ વિનાશ તરફ જ દોરી જાય, તો તે શા કામના? જો આ સંસ્કૃતિનું પરિણામ સમૂહસંહાર હોય તો તમારી ક્ષમતાનો અર્થ શો? સંશોધન કરવાનો, સુધારવાનો, ફરીથી ગોઠવવાનો હેતુ શો જો તે બધું છેવટે માનવને વિનાશ તરફ જ દોરે છે? જીવનના વિશાળ ફલક અને અસ્તિત્વના અંતિમ હેતુ ને ન જોતાં, ફક્ત તમારી વિશિષ્ટ ક્ષમતાને ફળીભૂત કરવા પૂરતો તમારો રસ હોય, તો તમારી પ્રતિભા અર્થહીન અને નકામી છે. ફક્ત અંતિમ સત્યને સંબંધમાં રાખીને જ તમારી ક્ષમતાનું મહત્ત્વ છે.

મને લાગે છે તમે બધાં આ સવાલમાં આવશ્યક રસ ધરાવતાં નથી. આ શું તમારી પણ સમસ્યા નથી? તમે કદાચ કળાકાર હો કે સુથાર હો કે કે તમારો કોઈ અન્ય વ્યવસાય હોય, પણ તમારા માટે પણ આ સવાલ એટલો જ મહત્ત્વનો છે જેટલો એક સંશોધક માટે છે. જો તમે કળાકાર હો કે ડોક્ટર હો, તમારો વ્યવસાય કે તમારી પ્રતિભાની અભિવ્યક્તિનો પાયો 'સત્' ઉપર જ હોવો જોઈએ, નહિં તો એ સ્વ-અભિવ્યક્તિનો ફક્ત એક પ્રકાર બની જશે, અને જે દુઃખ તરફ જ દોરશે. જો તમે ફક્ત સ્વા-અભીવ્યક્તિમાં જ રસ ધરાવો છો તો તમે માનવીના સંઘર્ષ, ગૂંચવાડા અને દુશ્મનાવટમાં ફાળો આપો છો. પ્રથમ જીવનનો અર્થ શોધવાને બદલે ફક્ત સ્વાભિવ્યક્તિ, કેટલી પણ પ્રસન્નતા આપતી હોય તો પણ, ફક્ત અને ફક્ત કંગાળતા અને સંપૂર્ણ નિષ્ફળતા જ અર્પશે. કેવલ ક્ષમતાથી સાવધ રહેજો. સ્વજ્ઞાન હોય તો સ્વ-પરિપૂર્ણતાની લાગણી પરિવર્તન પામે છે. પરિપૂર્ણતાની લાલસા પોતાની હતાશા અને ભ્રામકતા લાવે છે, કારણકે સ્વાભિવ્યક્તિની ઇચ્છા અજ્ઞાનમાંથી જ ઉદ્ભવે છે.

ઓક ગ્રોવમાં પમી વાતચીત, ૧૯૪૫

> સર્જન ત્યારે જ સંભવી શકે જયારે તમે સમય પ્રત્યે મૃત હો – એટલે કે, જયારે કોઈ આવતીકાલ ન હોય. સર્જન ત્યારે જ સંભવી શકે જયારે ઊર્જાની સંપૂર્ણ એકાગ્રતા હોય, જેમાં અંદરની કે બહારની કોઈ પણ ગતિ ન હોય.
>
> મુંબઈમાં સાતમું પ્રવચન, ૧૯૬૫

# કોઈ જ ક્રિયા વિનાની માત્ર ઊર્જા

મને માનસિક સમયનો અસ્વીકાર કર્યો હોવાને કારણે અસાધારણ વ્યવસ્થા ઉદ્ભવે છે, અને મન સ્વાભાવિકપણે જ એવા સ્થળે આવે છે જ્યાં તેમાં કોઈ પણ પ્રકારની ગતિ નથી હોતી, કેમ કે તે ગતિ હોવા તરીકે અથવા ગતિ નહીં હોવા તરીકે પોતાનો અનુભવ જ કરતું નથી. તે શાંત છે કારણ કે તેનામાં અસાધારણ ઊર્જા છે, કારણ કે તે જબરદસ્ત સક્રિય છે - કશું કરવામાં નહીં, કશાનો પીછો પકડવામાં નહીં, પરિવર્તન કરવાના પ્રયત્નમાં નહીં. તેનામાં કોઈ જ ગતિ નથી, તે સંપૂર્ણપણે સ્થિર છે; અને એટલે, સક્રિય હોવાથી, તે હિલચાલરહિત, ગતિરહિત ઊર્જાથી સભર છે. ત્યાર પછી શું બને છે? ઊર્જાથી સભર આ શાંતિમાં, સંપૂર્ણપણે સ્થિર મનમાં, એક વિસ્ફોટ થાય છે, અને આ વિસ્ફોટ છે સમયના એક વિશિષ્ટ પરિમાણમાં ગતિ.

આખરે, સર્જન શું છે? હું કોઈ ચિત્રમાં રંગ પૂરવાની આવડતની, કે લેખનની પ્રતિભાની, અથવા મહાન સંશોધન અને આવિષ્કાર કરવાની ક્ષમતાની વાત નથી કરી રહ્યો. મારો અર્થ તે પ્રકારના સર્જનનો બિલકુલ નથી.

પ્રશ્નકર્તાઃ તમારો અર્થ છે અસ્તિત્વ, કે જીવન?

કૃષ્ણમૂર્તિઃ મેં પૂછ્યુંઃ ''સર્જન શું છે?'' કારણ કે આપણામાં મોટા ભાગના લોકો સેકન્ડ-હેન્ડ છે. આપણે જે સર્જન કરીએ, જે અભિવ્યક્ત કરીએ, તે સેકન્ડ-હેન્ડ જ છે. તમે એક અદ્ભૂત ચિત્રકાર હો, પ્રસિદ્ધ હો, તમારાં ચિત્રોને ભારે ઊંચી કિંમતે વેચતા હો, પણ શું તે સર્જન છે? શું તે સર્જનાત્મક મનની અભિવ્યક્તિ છે? છતાં, દરેક માણસ અભિવ્યક્ત કરવા માગે છે. જો તમારામાં પ્રતિભા હોય, તો તમે તેને અભિવ્યક્ત કરવા તૂટી પડો છો. જો તમે સેકન્ડ-હેન્ડ લેખક હો, તો તમે તેને બહાર ધકેલશો. આપણે માનીએ છીએ કે આપણે બહુ સર્જનાત્મક લોકો છીએ, પણ આ બધું સર્જન નથી. આપણે નથી જાણતા કે સર્જન શું છે. સર્જન એવું કંઈક છે જે દરેક સમયે વિસ્ફોટક હોવું જ જોઈએ. મારું મન માત્ર સેકન્ડ-હેન્ડ જ નથી, એક એવી વસ્તુ જે વીસ લાખ વર્ષોથી જીવી રહી છે, પરંતુ તેમાં કંઈ પણ નવું છે જ નહીં. જો મારામાં કળાકાર તરીકેની પ્રતિભા હોય, તો હું એક નવી અભિવ્યક્તિ શોધવા પ્રયત્ન કરું છું - હાથ વિના, એક આંખે, અથવા જે હોય તે - વસ્તુરહિત ચિત્ર, અને એવું બધું, પરંતુ તેમાં આંતરિક રીતે કશું નવું નથી. જ્યાં સુધી મન તે શોધી ન કાઢે, ત્યાં સુધી તેણે ઘટમાળમાં, કંટાળામાં, પુનરાવર્તનમાં જ જીવવું પડે.

સર્જન ઘણું મહત્ત્વનું છે, અને આ સર્જન મહીં સ્ફોટ થવા માટે મન સંપૂર્ણપણે શાંત હોવું જોઈએ, કોઈ જ ક્રિયા વિનાની માત્ર ઊર્જા. તે એવી કીટલી જેવું છે જેમાં પાણી ઉકળતું હોય; જો વરાળને છટકવાનો કોઈ રસ્તો નહીં હોય, તો કીટલીનો વિસ્ફોટ થશે. અને ત્યારે જ કંઈક તદ્દન નવું અવતરશે.

લંડનમાં પાંચમો સંવાદ, ૧૯૬૫

કૃષ્ણમૂર્તિના વિષયોની જાણકારી માટે નીચેની વેબસાઇટ્સ જુઓઃ

www.jkrishnamurti.org
www.kfionline.org
www.rishivalley.org
www.rajghatbesantschool.org
www.kfistudy.org
www.kscskfi.com
www.jkrishnamurtionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org

**Statement about ownership and other particulars of Antarlahari Newsletter**

**Form IV**

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 2. Peridicity of Publication | : | Once in four months, (January, May, September) |
| 3. Printer's Name | : | P. V. Dabholkar |
| Whether citizen of India | : | Yes |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 4. Publisher's Name | : | P. V. Dabholkar |
| Whether citizen of India | | Yes |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 5. Editor's Name | : | Vasanti Padte |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 6. Name and address of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |

I, P. V. Dabholkar, hereby declare that the particulars given are true to the best of my knowedge and belief.

Sd
(P. V. Dabholkar)

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઇચ્છતી વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગત લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમજ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઇ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઇમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઇમેઇલ જો હોય તો તે અમને જણાવશો.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

Printed and Published by SHRI P V DABHOLKAR on behalf of KRISHNAMURTI FOUNDATION INDIA, MUMBAI EXECUTIVE COMMITTEE, HIMMAT NIWAS, 31, DONGERSEY ROAD, MALABAR HILL, MUMBAI 400 006. Editor : SMT. VASANTI PADTE
Printed at INDIA PRINTING WORKS, 42, G. D. AMBEKAR MARG, WADALA, MUMBAI 400 031.